શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૯
અંક : ૯

## ખેત કંપની જગત

પ્રાથમિક ઉત્પાદકો પોતાની રીતે સંગઠીત થઈ કામ કરવા ખેત ઉત્પાદક સંગઠનો રચ્યા છે. જેમાં તેમને સ્થાનિક સ્વૈચ્છિક સંગઠનો ટેકો કરી રહયા છે. નાબાર્ડ, સરકારશ્રીના વિભાગો તથા દાતા સંસ્થાઓ પણ આ સંગઠનોની મજબુતીને સમર્થન આપી રહયા છે.

કંપની ધારા હેઠળ નોંધાયેલા અવિરત, સોરઠ, જાફરાબાદ તથા ગીરફાર્મર્સના હોદેદારોની ઓફીસ સંચાલન તથા કાર્ય આયોજન માટે તાલીમ યોજાઈ હતી. ટાટા ટ્રસ્ટના સહયોગથી બેંગલોર સ્થિત આઈએફએચડી સંસ્થાના પ્રોચીફ કાર્યક્રમમાંથી શ્રી વેંકટ રામન, શ્રી વીરેશ તથા શ્રીચંદનના માર્ગદર્શન હેઠળ આ તાલીમ યોજાઈ હતી. આ તાલીમ દરમ્યાન તમામ હોદેદારોએ પોતપોતાના સંગઠનની કાર્ય યોજના તૈયાર કરી હતી.

તારીખ.૨૬.૦૯.૨૦૧૭ ના રોજ સોરઠ તથા જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપનીના ડાયરેકટર અને સ્ટાફ સાથે બોટાદ મુકામે એગ્રીબીઝનેસ અને સોલાર સીસ્ટમ યુનીટની મુલાકાત લીધી. ખેતીવાડીને લગતા ઘણા ઓજારો/મશીનરી જોવા મળ્યા. તેમાં ગાય તથા ભેંસના દુધ દોવાનું સેંન્સર સીસ્ટમવાળું મશીન જોયું. દુધના બદલે લોહી આવે તો આ મશીન ઓટોમેટીક બંધ થઇ જાય.

૩૦ વીઘા માટે ૨૦ વોલ્ટની પેનલ ૧૨ ની બેટરી અને ૮૦૦૦ના ઝટકાવાળા તેમજ ૫૦ વીઘા માટે ૩૦ વોલ્ટની પેનલ ૧૮ની બેટરી અને ૧૨૦૦૦ના ઝટકાવાળા સોલાર ઝટકા મશીનની વિગતો મેળવી. આ મશીન આ બંન્ને કંપનીના કાર્ય વિસ્તારના ખેડૂતો માટે ભાવ તથા ગુણવતાની રીતે બરાબર હોવા બાબતે ચર્ચા કરી. સોલાર ફીટ કરતી વખતે અર્થિંગ આપવા ૫ ફૂટનો ખાડો કરવો તેમાં ૫ કિલો નમક ૫ કિલો કોલસો અને તાંબાની પ્લેટ નાખવી, એક ખાસ નોંધ ઝટકો લાગશે એટલે સલામતી માટે ૫ સેકન્ડ માટે મશીન બંધ થઇ જશે.

પશુપાલકો માટે ઘાસ કાપવા ઉપયોગી ચાફકટર ની વિગતો મેળવી, ૧ કલાકમાં ૮૦૦ કિલોગ્રામ લીલું અને સૂકું ઘાસ કાપી શકે અને તેનો વજન મોટર સાથે ૪૦ કિલોગ્રામ છે.

આ ઉપરાંત સોલાર બેટરીવાળા પંપ જોયા.

**– અશ્વિન શીંગડ, સીઈઓ સોરઠ**

**વૃક્ષનો ઉછેર કરવો એ પરમાત્માની પૂજા કરવા બરાબર છે.**

## શું પિતૃસતાક સમાજવ્યવસ્થામાં સ્ત્રીઓ સંપૂર્ણપણે સતાહીન હોય છે?

સામાન્ય રીતે પિતૃસતાક સમાજ વ્યવસ્થામાં તમામ મહત્વની સંસ્થાઓ ઉપર પુરુષો આધિપત્ય ધરાવતા હોય છે. પરંતુ આનો મતલબ એવો થતો નથી કે પિતૃસતાક સમાજ વ્યવસ્થામાં સ્ત્રીઓ સંપૂર્ણપણે સતાહીન અથવા તો અધિકાર પ્રભાવ અને સાધનોથી વંચિત હોય છે.

વાસ્તવમાં કોઇપણ અસમાન વ્યવસ્થા (શોષિત) જ નહી તેમાંના કેટલાક તેના દ્વારા લાભ પણ મેળવતા હોય છે. આ વાત પિતૃસતાક સમાજવ્યવસ્થા માટે પણ એટલી જ સાચી છે.

આજે સ્ત્રીઓએ મહારાણીઓ અને વડા પ્રધાનના પદે પહોંચીને સતા પ્રાપ્ત કરી છે. તેઓએ અવારનવાર સતાના સ્થાને હોવાને નાતે કયારેક ઓછી વતી માત્રામાં ફાયદાઓ પણ મેળવ્યા છે. પરંતુ આ તમામ બાબતોની પાછળ પિતૃસતાક સમાજવ્યવસ્થાનો હાથ છે. મોટા ભાગના સંજોગોમાં સ્ત્રીઓને સતા આપવાનો મુખ્ય હેતુ તેમને હાથ બનાવી મોટા ફાયદા મેળવવા માટેનો હોય છે. મૂડીવાદી સમાજવ્યવસ્થામાં કામદારની ભૂમિકા ખૂબ મહત્વની હોય છે. તેવો અમુક હદે મેનેજમેન્ટમાં પણ હિસ્સો લે છે. અર્થાત તેમની પાસે પણ નિર્ણયો લેવાની સતા હોય છે. પરંતુ વાસ્તવમાં તેઓ કયારેક માલિક બની શકતા નથી. તેનો અર્થ એ નથી થતો કે અંકુશ તેમના હાથમાં છે. સ્ત્રીઓ અને પુરુષો એક જ રંગમંચ પરનાં પાત્રો છે. જેમાં તેમણે સમાન મહત્વ ધરાવતી મિશ્રિત ભૂમિકાઓ ભજવવાની છે. બંનેના અભિનય વિના નાટક ચાલી શકે નહી. સંપૂર્ણ નાટક ભજવવામાં કોઇની ભાગીદારી ઓછી કે વધારે નથી; પરંતુ રંગમંચની કલ્પના, વેશભૂષા વગેરે બાબતોનું નિદર્શન પુરુષો દ્વારા થતુ હોય છે. પુરુષોએ જ આ નાટક લખેલુ હોય છે. તેનું દિગ્દર્શનપણ તેમના દ્વારા જ કરવામાં આવતું હોય છે. તેમજ અભિનયનું અર્થઘટન પણ તેમણે કરેલું હોય છે. તેઓ પોતાને ફાળે વિશેષ રસિક, મનોરંજક અને વીરતાભર્યા પાત્રો ભજવવાનું નકકી કરી સ્ત્રીઓને માટે સહાયક ભૂમિકાઓ ફાળવે છે.

બીજા શબ્દોમાં એમ કહી શકાય કે સમસ્યા એ નથી કે સ્ત્રીઓ શું કરે છે અને શું છે? પરંતુ સવાલ એ છે કે તેનું મૂલ્ય શું છે? અને એ મૂલ્ય નિર્ધારિત કરવાના અધિકાર કોની પાસે છે? એવું પણ નથી કે પિતૃસતાક સમાજવ્યવસ્થામાં સ્ત્રીઓને સંપૂર્ણપણે સતાથી વંચિત રાખવામાં આવેલી છે. પરંતુ સમસ્યા સમગ્ર માળખાને લઈને છે. જે માળખું પુરુષો દ્વારા નિર્ધારિત થયેલું છે.

***કમલા ભસીનના "પિતૃસતા શું છે?" ના સંકલીત અંશો (સંકલન : શ્વેતા કરડ)***

**ક્રોધને જીતવા માટે મોન જેટલું સહાયક બીજું કોઇ નથી.**

**કપાસ બીજની ડીલિંટિંગની જરૂરિયાત, અગત્યતા અને પદ્ધતિઓ**

કપાસ અગત્યનો રોકડીયો પાક છે. વ્હાઇટ ગોલ્ડ તરીકે ઓળખાતાં આ પાકનાં ઉત્પાદનમાં દુનિયામાં ચીન પછી ભારતનું સ્થાન બીજા નંબરે છે. ભારતમાં પણ ગુજરાત કપાસ પાક ઉત્પાદનમાં મોખરાનું સ્થાન ધરાવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી કપાસ પાકનું વાવેતર સતત વધતું જાય છે. વાવેતરનાં વ્યાપને જોતાં તેની પ્રોસેસિંગ ટેકનોલોજીમાં પણ સતત સુધારો થતો જોવા મળે છે. કોઇપણ પાકનાં વધુ તેમજ ગુણવતા ભર્યા ઉત્પાદન માટે ઘણા પરિબળો ભાગ ભજવતા હોય છે જેમ કે જમીનની પ્રત, પિયત પદ્ધતિ, સુધારેલ બિયારણનો ઉપયોગ સેન્દ્રિય તેમજ રાસાયણિક ખાતર, જંતુનાશક દવાનો ઉપયોગ ઉપરાંત આધુનિક ખેતઓજારો વગેરે મુખ્ય છે. આ બધા જ પરિબળો વિશેષ અગત્યનું પરિબળ શુદ્ધ તેમજ સુધારેલ બિયારણનો ઉપયોગ છે.

કપાસ પાકની રચના જોતા તેમાંથી બીજને અલગ તારવવા માટે ખૂબ જ કાળજી રાખવી પડે છે. આ માટે કપાસનાં વિવિધ ભાગો તેની ગુણવતાથી પરિચિત થવું જરૂરી છે જેની વિગત આ લેખમાં દર્શાવેલ છે.

કપાસનો પાક ખેતરમાં તૈયાર થયા બાદ કપાસને હાથથી અથવા પીકર મશીન દ્વારા તેના કાલામાંથી વીણી કરી એકઠો કરવામાં આવે છે. બીજ, લિન્ટર્સ અને રેસા (ફાઇબર, રૂ) મુખ્ય તેનાં ભાગ છે. કપાસને જીનરન મશીન થકી રેસા અને લિન્ટર્સ યુકત બીજ એમ બે ભાગમાં જુદા પાડવામાં આવે છે. બીજ ઉપર નાના નાના સેલ્યુલોઝ યુકત રેસા જે જીનરનમાં રહી ગયેલ છે, તેને લિન્ટર્સ અથવા ફઝ કહે છે જે બીજનાં પ્રમાણમાં ૬ થી ૯% જેટલાં હોય છે. ખાસ કરીને ઇન્ડસ્ટ્રીયલ ઉધોગ આ લિન્ટર્સ અથવા ફઝનો સેલ્યુલોઝ અને અન્ય સામગ્રી બનાવવા વપરાશ કરે છે. બીજને આગળની પ્રોસેસમાં જવા દેતા પહેલાં આ લિન્ટર્સને દૂર કરવા આવશ્યક હોય છે. કપાસ રાષ્ટ્રીય પાક હોવાથી તેની ચોક્કસ ગુણવતા અને વર્ગીકરણનાં ધારાધોરણો સમય સમય પ્રમાણે અપનાવવામાં આવે છે.

**કપાસની ગુણવતા :**

ગુણવતા માટે ખાસ કરીને કપાસમાં રહેલા ભેજ, નુકશાની, ચોખ્ખાઇ, સ્ટ્રેન્થ, માઇક્રોનેર વેલ્યુ, લીસ્ટ કાઉન્ટર તથા કલર વગેરેને પ્રાધાન્ય આપવામાં આવતું હોય છે. બજારભાવ સારા મળી શકે તે માટે ગુણવતા બહુ મહત્વની રહે છે.

**– નરેન્દ્રભાઇ પોંકીયા**

***વ્યક્તિની હયાતીમાં તેના દોષ દેખાય છે, મૃત્યુ બાદ તેના ગુણ દેખાય છે.***

**ટકાઉ**

ખેતીદોસ્તો, ઓગસ્ટ માસમાં શ્રી ડો. સોહી તેમજ ડો. છીબા એ ટાટા બીસીઆઇ સ્ટાફની તાલીમ તેમજ ફિલ્ડ વિઝીટ કરી જેમાં હાલની કપાસની ખેતીમાં જે પરિસ્થિતિ છે. તે બાબતે તેમના અનુભવો શેર કર્યા હતા. તેમાંથી કેટલીક બાબતો હું લખું છું. જે કાર્યકર મિત્રો તેમજ ખેડૂતોને કામ લાગશે.

ગુલાબી ઇયળ નિયંત્રણ માટે પાકા બીલવાળું બિયારણ લેવું, નોનબીટીનું બોર્ડર પર વાવેતર કરવું, કપાસના કચરાનો ખેતરના શેઢા પરથી દુર કરવો જોઇએ, બધા ખેડૂતોએ એક સાથે જ કપાસનું વાવેતર કરવું જોઇએ, જલ્દી પાકતી જાતોનું વાવેતર કરવું. ૩૦ દિવસનો કપાસના થાય એટલે વીઘે ૫ ફેરોમેન ટ્રેપ લગાડવી. ફેરોમેન ટ્રેપમાં ગુલાબી ઇયળના ફૂદાઓ જોવા મળે તો ગૃપ મુજબ દવાઓનો છંટકાવ કરવો. કપાસના ખેતરમાં સમયાંતરે નિરીક્ષણ કરતું રહેવું. જો રોકેટ ફૂલ જોવા મળે તો હાથથી વીણી અને તેનો નાશ કરવો.

વરસાદના પાણી ભરાવાથી કપાસમાં સુકારો હોય તો પાણી ભરાવાના ૨૪ કલાક પહેલા કોબાલ્ટ કલોરાઇડ ૧ ગ્રામ ૧૦૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવાથી નિયંત્રિત કરી શકાય. કોબાલ્ટ કલોરાઇડ સ્ટેશનરીની દુકાનમાં મળી શકે છે. પાણી જમીનમાં નીતાર માટે મોરશીયા ખાતરનો ઉપયોગ યોગ્ય નથી તેના ઉપાય માટે જમીનમાં જરૂર મુજબ જીપ્સમનો ઉમેરો કરવો જોઇએ.

**પિયત :** કપાસના પાકને પિયતની જરૂરિયાત માટે મોડી સાંજે જો કપાસ સુકાય તો જ પિયત આપવું.

**ફૂલ ભમરીનું ખરણ :** ફૂલ ભમરીનું ખરણમાં ઘણાબધા કારણો જવાબદાર છે થાય તે માટે કપાસને ટપક દ્વારા જ પિયત આપવું શકય ના હોય તો એક પાટલે પિયત આપવું. બપોરનું પિયત આપવાનું ટાળવું.૧૩:૦૦:૪૫ નો છંટકાવ કરવો. આ ખાતરને ઘરે તૈયાર કરવું જેના માટે ૨.૫ વીઘા માટે ૧.૫ કિલો પોટાસ (MOP) રાત્રે પલાળવું સવારે ૬૦૦ ગ્રામ યુરીયા પલાળવું બંને મિક્ષ કરી ૧૦૦ લીટર પાણીમાં દ્રાવણ તૈયાર કરવું. પંપ ભરીને સીધો જ કપાસમાં છંટકાવ કરવો. ૭૫ થી ૮૦ દિવસના કપાસની ટોચ કાપવી વગેરે જેવા ઉપાયો કરીને કપાસનું ખારણ અટકાવી શકાય.

**ખાતર :** ડીએપી, ૧૨:૩૨:૧૬, નર્મદાફોસ, એસએસપી જેવા ફોસ્ફરસ યુકત ખાતરો માત્ર પાયાના જ ખાતર તરીકે ઉપયોગ કરવો. જે ખાતરને પાળા ચડાવતી વખતે ઉપયોગમાં લેવું જોઇએ નહી. યુરીયા ખાતરને કપાસની યોગ્ય કટોકટીની અવસ્થાએ ત્રણ હપ્તામાં આપવું. પિયત આપ્યા બાદ જ આપવું. પિયત આપ્યા પહેલા યુરીયા ખાતરનો ઉપયોગ કરવો નહી. યુરીયા ખાતરની કપાસને ૭૫ થી ૧૩૦ દિવસે

**જીવનની એક ક્ષણ કરોડોના ખર્ચે પણ નહીં મળે.**

વધારે જરૂર પડે છે. પોટાસ ખાતરનો જરૂર મુજબ પાયાના ખાતર ઉપયોગ કરવો જોઇએ.

દોસ્તો પાકને કયાં તત્વોની ઉણપ છે. તેની જાણકારીનાં ચિન્હો કેવા હોય છે તે જાણીએ.

૧. નાઇટ્રોજન(યુરીયા): નીચેના પાન પીળા પડે છે. પીળાશ પાનની ટોચ પરથી નીચે તરફ જાય.

૨. પોટાસ (MOP): ચિન્હો નીચેના પાનમાં જોવા મળે છે. પાન સાઇડમાંથી બ્રાઉન થાય છે. પાનની કોર ખરવા માંડે છે. ઘરડા પાન પર અસર વધારે દેખાય છે.

૩. મેગ્નેશીયમ (Mg): પાનનો કલર પરપલ દેખાય છે. નસો લીલા કલરની દેખાય છે.

૪. ઝીંક (Zn): પાનની અંદરનો ભાગ પીળો દેખાય છે. નવા પાન નાના રહે છે.

૫. બોરોન : નવા પાન ખરી પડે છે. અનિયમીત આકાર દેખાય છે.

આમ, ઉપર મુજબના ચિન્હોથી તત્વોની ઉણપ જાણી શકાય છે દોસ્તો જો જમીનનો PH આંક વધે તો માઇક્રોન્યુટનની ખામી ઉભી થાય છે તે પણ ઘ્યાને લેવી જોઇએ.

દોસ્તો, આ માહીતી ટાટા બીસીઆઇ પરિયોજનાના કાર્યકર્તા તેમજ ખેડૂતોને ઉપયોગી સાબિત થશે.

***– ડી.એન.ઝાલા ૯૮૨૫૪૨૨૨૪૪***

## કુરિવાજ

સમાજમાં અત્યારે એવા કુરિવાજો ઘર કરી ગયા છે કે નાના અને મધ્યમ વર્ગના લોકોને શોષવુ પડે છે. જન્મથી માંડીને મરણ સુધીના વ્યવહારોમાં એવા કુરિવાજો બેસાડી દીધા છે કે આજે સમાજમાંથી આવા કુરિવાજો કાઢવા મુશ્કેલ બની ગયા છે. ભણાવવામાં પણ આંધળી દોટ. ઈંગ્લીશ મીડીયમમાં ભણાવવાની સગવડ હોય કે ન હોય પણ પાડોશીની સાથે સરખામણી કરવી જ છે. એવા વાદ વિવાદ અને આંધળા અનુકરણમાં ઘેલા બન્યા છે. તગડી ફી આપીને બાળકોને ખાનગી શાળામાં ભણાવે છે. સગાઈ, ચાંદલા, ચુંદડી, લગ્ન મરણમાં પણ લોકો અઢળક નાણા ખર્ચે છે. ડાયરો, હોમ, હવનમાં પણ બેફામ પૈસાનો ધુમાડો કરે છે. જીવતા જાણે નહી અને પછી પાછળથી પિતૃતર્પણ વગેરે અંધશ્રઘ્ધામાં માણસો વિચાર કર્યા વિના ખોટા ખર્ચા કરે છે. એજયુકેટેડ માણસો વધારે ને વધારે અંધ શ્રઘ્ધામાં વિશ્વાસ કરતો જાય છે. જો પોતાના કુંટુબમાં કે કોઇ સમાજ સેવા કે શિક્ષણ અને દવાખાનામાં વાપરે તો પૈસાનો સદ્‌ઉપયોગ ગણાશે પણ બાકીતો પૈસાનો વ્યય કે બગાડ જ છે. સમાજમાં આવા વિચારો અને સમજણ આવશે. શિક્ષણની સાથે સમાજમાં જે પશ્ચિમી સંસ્કૃતી આવી છે તેનો પણ વિચાર આ સમાજે ખાસ કરવાની જરૂર છે. માત્ર સાધનો વસાવાથી કશું થવાનું નથી.

ધન્યવાદ.

***– હંસરાજભાઈ જે. પેથાણી, ત્રંબોડા***

**મનુષ્યને ચાર ગ્રહ નડતા હોય છે. સંગ્રહ, આગ્રહ, પરિગ્રહ, અને પૂર્વગ્રહ.**




**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના વાર્ષિક મિલન અને ફાર્મસ પ્રોડયુસર કંપનીઓની વાર્ષિક સાધારાણ સભા**



**સંયમ જેવી કોઇ સાધના ક્ષમા જેવી કોઇ આરાધના નથી.**

## શાળાની સફળગાથા

આ શાળામાં આસિસ્ટન્ટ શિક્ષક તરીકે જયારે તા.૦૫.૦૧.૨૦૦૦ ના રોજ હાજર થયો ત્યારે એક નવયુવાન શિક્ષક તરીકે મને કામ કરવાની તીવ્ર ધગશ હતી. જયારે સ્કૂલમાં દાખલ થયો ત્યારે શાળામાં વીજળીની વ્યવસ્થા ન હતી. શાળામાં બાજુમાંથી પાવર લઈ ચલાવતા ત્યારે મે ગામ લોકોના લોક ફાળામાંથી નવુ નીજ મીટર લઈ લાઈટ કનેકશન કરાવ્યુ ત્યાર બાદ તમામ વર્ગોમાં લોક ફાળામાંથી સ્વખર્ચે જાતે જ લાઈટ ફીટીંગ કરી શાળામાં વ્યવસ્થા કરી ત્યા બાળકોને કોઈ સ્કૂલ ડ્રેસ ન હતા. તે બનાવ્યા અને ગામમાં બહારથી આવતા આદિવાસી બાળકોને શાળામાં લાવવા માટે પ્રયત્નો કર્યા. શરૂઆતમાં આ બાળકો આવતા નહી તો મે જાતે જે તે ખેતર કે વાડીમાંથી મારી મોટર સાઈકલ ઉપર શાળાએ લાવતા કર્યા. જે બાળકોને ખરેખર શાળામાં દાખલ કરી આગળ સુધી અભ્યાસ કરે તેનો ખ્યાલ રાખી હાલની તકમાં આ શાળામાં ભણેલા આ બાળકો ખુબ જ સારી નોકરી કરી રહયા છે. જે મારા માટે એક એવોર્ડથી કમ ન હતું.

આ શાળામાં વર્ષ ૨૦૦૩–૦૪ માં કેન્દ્ર સરકાર તરફથી નિર્મળ ગામ તરફથી પ્રોજેકટમાં મુકવામાં આવ્યું જેમાં સ્વછતા સંબધી પ્રવૃતિઓ શાળા સફાઈ, ગ્રામ સફાઈ, શરીરની ચોખ્ખાઈ આ બાબતે શાળાના બાળકો દ્વારા ગ્રામ સભા, રેલીઓ, સફાઈ કાર્યક્રમો યોજતા શાળામાં આ બાબતની અવરનેસ આવી અને ૪૦ ગુણાંકનમાંથી ૩૬ ગુણાંકન મેળવી રાષ્ટ્રપતિ શ્રી પાસેથી ગામ અને શાળાને સંયુકત નિર્મળ ગામ એવોર્ડ શાળામાં મળ્યો. આજે આ સ્વછતા સંબધી જાગૃતતાને કારણે શાળામાં એકપણ બાળક બીમારી હોવા છતાં રજા ઉપર રહેતું નથી. શાળામાં અનેક હરીફાઈઓ યોજતા તંદુરસ્ત બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. શાળાના બાળકોને ભોજનમાં ફરીયાદો સંદર્ભે વાલીઓ દ્વારા બાળકો ઘરનો ખોરાક લેતાં નથી તો શાળામાં મેં એક પ્રયોગ કર્યો અને બાળકોને દર બુધવારના રોજ ઘરેથી બનતી ભોજન સામગ્રી લઈને ટીફિન ભોજન નામ આપ્યું આથી બાળકો દર બુધવારે ઘરનુ ભોજન લાવે અને શિક્ષકો અને બાળકો સાથે બેસીને જ ભોજન લે છે. આનાથી બાળકોમા સમુહભાવના, ખોરાક પ્રત્યેની રૂચિ–અરૂચિ, ભેદભાવ જેવા જે ગ્રંથીઓ દુર થઈ અને એકબીજાના પ્રેરક બની બધાના ભોજનનો આનંદ લેવા લાગ્યા.

શાળાના દરેક કાર્યક્રમમાં બધા જ વ્યવસ્થા આ સમિતિ કરીને શાળાના દરેક કાર્યક્રમોને સફળ કરે છે.

અંતમાં આજે આ બાળદેવો થકી શાળા ખુબજ વિકાસ પામી છે, જેમા શિક્ષક સમાજ ને તંત્રના ત્રીવેણી સંગમથી બાળકોના ઉચ્ચ ભવિષ્ય માટે પ્રભુ પાસે પ્રાથના સહ આભાર.

**(અતુલ નાકરાણી)**

**જ્ઞાતીથી નહીચરિત્રથી માણસ ઊંચો ગણાય છે.**

**Happy Birthday**

| | |
|---|---|
| Swati Patoliya | 05.10.1995 |
| Nirav Solnki | 13.10.1991 |
| Bechar savara | 14.10.1986 |
| Jayesh Jadav | 14.10.1991 |
| Bipinbhai Joshi | 19.10.1954 |
| Dipali Bhatti | 23.10.1995 |

**In this month**

| | |
|---|---|
| 7 | Training on activities for CEO and FPO directors Khambha |
| 20-22 | 2PCC in INGJ14 |
| 21 | Monthly meeting of LAMP |
| 25 | Staff meeting at Amreli |
| 28 | Students of Agricultural Graduation course visited the institute |
| 29 | SSKK Annual meet and FPO AGM |

**રમૂજ એક થેરાપી**

સંતા એક અજાણ્યા માણસને ફોન કરે છે.

સંતા : ફ્રિજ છે?

સામેથી : હા છે.

સંતા : ચાલે છે?

સામેથી : હા, ચાલે છે.

સંતા : તો પકડી રાખજે, નહીતર ભાગી જશે...

(એને ફોન મૂકી દીધો, થોડીવાર પછી પાછો કર્યો)

સંતા : ફ્રિજ છે?

આ વખતે પેલા માણસને બરાબરનો ગુસ્સો આવ્યો...

જવાબ : નથી

સંતા : કયાંથી હોય... કહયું તો હતું કે, પકડીને રાખ જે નહીતર ભાગી જશે...

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર (૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**આશાની છીપલીમાં જ સિદ્ધિનાં મોતી નીપજે છે.**